આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૭/૦૪/૨૦૨૬ થી તા.૦૩/૦૫/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ.લ.ઇ.) ચાલુ વીકમાં કેરીયર વગેરે બાબતમાં મહત્ત્વના ફેરફાર થશે. મહત્ત્વના પ્રોજેક્ટમાં જવાબદારી મળે. નવા રોકાણમાં માર્ગદર્શન લેવું. શેર બજારમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને મદદ મળે. નોકરી વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવે. સરકારી નોકરીની શક્યતા રહે. વિજાતિય મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. આરોગ્યના પ્રશ્નો અને ખર્ચા વધશે. પ્રેમવિવાહની ઓફર આવે. પરિવારનો સાથ મળે.આવક વધશે.

વૃષભ (બ.વ.ઉ.) ચાલુ વીકમાં કાર્યસ્થળ પર નવા ફેરફાર થાય અને નવું શીખવા મળે. આવક વધારવાની યોજના સફળ રહે. નવાં ઘર, મકાન બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ મળવાથી પરીક્ષામાં સકારાત્મક પ્રગતિ થાય. પ્રેમમાં સરપ્રાઇઝ મુલાકત કે ભેટ મળે. જૂનાં મિત્રોને મળવાનું બને. સંતાનોના પ્રશ્નો હલ થાય. આર્થિક પ્રગતિ થાય. નવાં રોકાણ થાય. આરોગ્ય નરમ રહે. સામાજિક સમારોહમાં સંબંધો મજબૂત બને.

મિથુન (ક.છ.ઘ.) સપ્તાહ દરમિયાન કેરીયર બાબતે મહત્ત્વની સફળતા મળે. ઇનામ મળે. પરીક્ષામાં સફળતા મળે. લાંબા સમયથી અટકેલાં કામ અને પ્રોપર્ટી વગેરેના સોદા પાર પડશે. નવાં ઘર, ઓફિસની યોજનામાં પ્રગતિ થાય. ઇન્ટરવ્યુ કે હરીફાઈયુકત પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં સકારાત્મક બદલાવ અને મિલન મુલાકાત થાય. અચાનક આર્થિક લાભ થાય. નોકરીમાં પગારવધારો થઇ શકે.

કર્ક (ડ.હ.) સપ્તાહ તમારી વ્યવહારકુશળતા બૌદ્ધિક પ્રદર્શન માટે મહત્ત્વનું રહેશે.આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડે. બીજાને પ્રેરણા મળે તેવા વિચારો વ્યકત થાય. વિદ્યાર્થીઓની મહેનતનું ફળ જોવા મળે. નોકરીની શોધ પૂર્ણ થાય. પોતાના વેપાર-વ્યવસાયને વિસ્તારવાની તક મળે. નવા સંબંધોથી લાભ થાય. પ્રોપર્ટીના સોદા અને વારસાના કામમાં પ્રગતિ થાય. પ્રેમ પ્રકરણમાં હકારાત્મક વળાંકથી ઉત્સાહ વધે.

સિંહ (મ.ટ.) ચાલુ વીકમાં સામાજિક જીવનમાં પ્રભાવ વધશે. નોકરીમાં નવા ફેરફારથી નોકરીમાં પ્રમોશન મળે. પરિવારના કામમાં મહત્ત્વની મદદ મળે. આર્થિક બાબતે યોગ્ય પ્લાનિંગથી નવાં રોકાણ લાભદાયક રહે. પરિવારમાં વિવાહલાયકના વિવાહ થાય. વારસા બાબતે પ્રગતિ થાય. ખાણી-પીણી તથા મોજશોખ ધંધામાં લાભ થાય. દલાલી, શિક્ષણ, ટેક્નોલોજી, પ્રવાસનાં કામ પાર પડશે. નવાં ઘર, ઓફિસ, જમીન બાબતે પ્રગતિ થાય.

કન્યા (પ.ઠ.ણ.) ચાલુ વીકમાં પારિવારિક પ્રશ્નો સતાવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. વિદેશનાં કામમાં મદદ મળે. વિશ્વાસઘાતથી બચવું. સમાજમાં માન મળે. અટકેલા કામમાં ગતિ આવે. રોમેન્ટીક મુલાકાત થાય. દાંપત્યજીવનમાં અશાંતિ પેદા થાય. નોકરી માટે નવી તક ઊભી થાય. પારિવારિક ધંધામાં મતભેદ છતાં આર્થિક પ્રગતિ થાય. મોજશોખ, ખાણીપીણીમાં ધંધામાં આવક વધે. ટેક્નોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય.

તુલા (ર.ત.) સપ્તાહ પ્રેમજીવન માટે ઉત્સાહજનક રહેશે.ભેટ સોગાદથી આત્મવિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને નવું શિક્ષણ મળે. નોકરી ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. અંગત જીવનમાં રસિક અને યાદગાર ઘટના ઘટશે. લાગણીઓ પર કાબૂ રાખવો. પોતાના કામને પ્રાધાન્ય આપવું. માર્કેટીંગ, શિક્ષણ, દલાલી અને પ્રવાસને લગતાં કામમાં સફળતા મળે. આત્મવિશ્વાસ વધે તેવાં કામ થાય.


વૃશ્ચિક (ન.ય.) સપ્તાહ રચનાત્મક કામની સફળતાવાળું રહેશે. શુભ સમાચાર આત્મવિશ્વાસ વધારશે. તમારા નવા વિચારો નવા અવસર પેદા કરશે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આર્થિક રોકાણ થાય. મિત્રો સાથે સામાજિક કામ થાય. પ્રેમવિવાહની ઓફર આવે. નવા શેર બજારનાં રોકાણ લાભદાયક રહે. વિદેશના કામમાં મદદ મળે. વિશ્વાસઘાતથી સાવધાન. યાત્રા - પ્રવાસમાં સાવધાની રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) સપ્તાહ નવું શીખવા અને કાયદા કાનૂન બાબતે અનુકૂળ રહેશે. પ્રવાસ પર્યટન, શિક્ષણને લગતાં કામ થાય. સમાજજીવનમાં પ્રભાવ વધશે. લોકોનો સાથ મળવાથી આત્મવિશ્વાસ વધશે. સરકારી કામ પાર પડે. રાજકારણમાં ચડતીપડતી રહે. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. શેરબજારમાં ધીરજ રાખવી. નવી ટેક્નોલોજીથી લાભ થાય. ધાર્મિક પ્રવાસ થાય. ખર્ચા વધશે.

મકર (ખ.જ.) સપ્તાહ દરમિયાન આર્થિક વ્યવહાર અને લેવડદેવડમાં સાવધાન રહેવું. સરકારી કામમાં મદદ મળે. ધાર્મિક સાહિત્ય, યાત્રા અને ઉચ્ચ શિક્ષણને લગતાં કામ સરળ બનશે. કુટુંબની જવાબદારી વધે. લાગણી પર કાબૂ રાખવો. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મળે. શેર બજારમાં મદદથી નવાં રોકાણ સરળ બનશે. અચાનક જૂનાં મિત્રોને મળવાનું બનશે.


કુંભ (ગ.સ.શ.ષ.) ચાલુ વીકમાં કુટુંબ, સમાજ વગેરેની જવાબદારી વધશે અને મહત્ત્વના કામમાં વિલંબ થાય. માટે સંતુલન રાખવું. પરિવારમાં તાલમેળથી રોજનાં કામ સરળ બનશે. આરોગ્યને લગતાં કામ થાય. પડવા -વાગવાથી સાવધાન રહેવું. પ્રેમવિવાહમાં મદદ મળે. વિદેશનાં કામ થાય. ધાર્મિક સાહિત્ય અને તીર્થયાત્રાને લગતાં કામમાં લાભ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું બને. આવક વધશે.


મીન (દ.ચ.ઝ.થ.) સપ્તાહ આરોગ્ય બાબતે અનુકૂળ રહે. યોગ્ય નિદાનથી સમસ્યાનું સમાધાન થાય અને નોકરીમાં ઉત્સાહજનક કામ કરવાની તક મળે. પ્રમોશન મળી શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. સમાજમાં માન મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. કોર્ટ-કચેરીનાં કામ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. નોકરીમાં લાલચથી બચવું. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકો મળે.

મુજતબા ખામેનેઇ ઈરાનના સર્વોચ્ચ નેતા

08-03-2026 થી પોતાના પિતાની હત્યા પછી ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઇ નિમણૂક થઇ ત્યારથી અત્યાર સુધી દુનિયાની સામે સાર્વજનિક રૂપથી આવ્યા નથી અને કોઇ ચોક્કસ માહિતી પણ નથી. રીપોર્ટસ અનુસાર ઘાયલ અને કોમામાં હોવાની ખબર છે. તેમની સ્થિતિ સારી ન હોવાની અટકળ પણ છે.

મેદનીય જયોતિ પ્રમાણે તેમની કુંડલી વૃશ્ચિક લગ્નની આવે છે. મંગળના ઘરનું લગ્ન લડાયક અને ડંખીલા સ્વભાવનું આક્રમક તથા રાત્રી બલી હોવાથી પડદા પાછળ રહીને કામ કરવાની વૃત્તિ ધરાવે છે. સ્વભાવે ઉગ્ર અને લડાયક અને દેખાવે હિંમતવાન અને સાહસિક હોય પણ અંદરથી ડરપોક હોય છે, તેનું કારણ લગ્ન જળ તત્ત્વનું અને સ્વામી મંગળ અગ્નિ તત્ત્વનો વિરોધાભાસી હોવાના કારણે ગુપ્ત રીતે કામ કરવામાં ખૂબ જ ચાલાક હોય છે પણ મોજતબા ખામેનેઇના મંગળ આત્મકારક છે અને દેહભુવનમાં બળવાની અવસ્થાનો છે અને આગ, અકસ્માત, લડાઈ કે યુદ્ધ વગેરેમાં ઘાયલ થવાના યોગ કરે છે અને શરીરમાં માથા કે ચહેરાના ભાગમાં ઇજાનું કાયમ નિશાન રહે તેવી દુર્ઘટનાના ભોગ બનવાનો યોગ કરે છે.

આત્મકારક ગ્રહ-કુંડલીમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રહ માનવામાં આવે છે. કોઇ પણ જાતકની કુંડલીમાં સૌથી વધુ અંશ ડીગ્રી (Degree)નો ગ્રહ આત્માનું સૂચન કરે છે. આત્મકારક ગ્રહ વ્યક્તિના જીવનના મુખ્ય ઉદ્દેશ, ઇચ્છાઓ જન્મ લેવાનો મુખ્ય હેતુ અને પૂર્વ જન્મોનાં કર્મો અને આધ્યાત્મિક વિકાસ વગેરે દર્શાવે છે. મોજતબા ખામેનેઇનો મંગળ આત્મકારક અને સૌથી બળવાન છે. તે હિંસા અને અહિંસાનું અધ્યયન કરાવીને ન્યાય માટે લડવાની તાકાત આપે છે. સાહસ અને ઊર્જાને સાચી દિશામાં ઉપયોગી કરવાની શક્તિ આપે છે. આત્મકારક ગ્રહ આત્માનો ઉદ્દેશ, પૂર્વ જન્મોનાં કર્મો અને વાસ્તવિક સ્વભાવનું સચોટ નિર્દેશન કરે છે.

ઘણી કુંડલીમાં જન્મની કુંડલીમાં જે સ્થળ રીતે દેખાય છે તેનાથી તદ્દન વિરોધ તેના જીવનમાં બનતું જોવા મળે છે અને કુંડલીનું ફળકથન ખોટું પુરવાર થાય છે. તેનું કારણ આત્મકારક ગ્રહને નજરઅંદાજ કરવામાં આવે છે, **તે મુજતબા ખામેનેઈની વૃશ્ચિક લગ્નની કુંડલીમાં પાપ અને ક્રૂર ગ્રહો અતિ બળવાન સ્થિતિમાં છે. મંગળ લગ્નમાં અને ચોથે રાહુ તથા દશમે સૂર્યકેતુનો કેન્દ્રયોગ, યુદ્ધમાં ઘાયલના યોગ કરે છે. સાથે હાથમાં કામને કોઇ પણ ભોગે પૂર્ણ કરવાની શક્તિ આપે છે.** લગ્નનું મંગળ છઠ્ઠાનો પણ માલિક છે અને છઠ્ઠે નીચનો શનિ પણ બળવાન છે. સાથે આઠ આયુષ્યભવ અને બારમું-હોસ્પિટલ -નુકસાન-હાનિના ભાવનો માલિક બુધ શુક્ર પણ બળવાન છે માટે યુદ્ધમાં મંગળ-રાહુ-ઘાયલ કરે છે. સારવાર મળી રહેવાથી રક્ષણ થાય. શનિ અગ્નિ તત્ત્વની મેષ રાશિમાં છે. સૂર્ય પણ પોતાની સ્વરાશિમાં અગ્નિ તત્ત્વમાં છે માટે યુદ્ધમાં અગ્નિ વગેરેની ચોટથી નુકસાન થાય. પણ દેહભુવનનો સ્વામી મંગળ પોતાના ઘરમાં હોવાથી શરીરનું રક્ષણ જરૂર થાય. **મંગળ ભયંકર અકસ્માત કે કોઇ પણ રીતે ઘાયલ થવાના પોતાની સાથે રક્ષક પણ બને છે. માટે ઘાયલ જરૂર થાય પણ જીવ બચવાની શકયતા વધુ છે.**

મુજતબા ખામેનેઇની કુંડલીમાં મંગળ પછી સૂર્યની સ્થિતિ પણ મજબૂત અને બળવાન છે. દસમે પોતાની સ્વરાશિમાં કેતુ સાથે હોવાથી પિતાનો ભવ્ય આધ્યાત્મિક અને સત્તાનો વારસો અચાનક મળ્યો. 28-02-2028 પિતાની હત્યા વખતે જન્મના રાહુ પરથી સૂર્ય-મંગળ બુધનું ભ્રમણ હતું. સૂર્ય પૂર્ણ રીતે પીડિત હતો. રાહુના નક્ષત્રમાં રાહુ પણ રાહુના નક્ષત્રમાં જન્મનાં સૂય4 સામેથી આ યોગ પસાર થતો હતો અને **08-3-26ના દિવસે પણ ગ્રહોની આ જ સ્થિતિ હતી. આમ અચાનક જીવનમાં સફળતા અને નિષ્ફળતાનો સામનો કરવાના યોગ હતા જ. કેન્દ્રમાં બળવાન બનતા સૂર્યે રાજસત્તા આપી પણ પીડિત હોવાથી પોતાને અને પ્રજાને પીડા અને ખૂનામરકીનો સામનો કરવાનું પણ આપ્યું.** સૂર્ય જીવનદાતા ગ્રહ છે. માટે તેમનું રક્ષણ થયું છે. સૂર્ય દશમે ને દિશા બળ મળતું હોવાથી પ્રાણની રક્ષા કરે છે તેમજ કેરીયરને સફળતા તરફ લઇ જાય છે અને દવા વગેરેની રોગ કે માંદગીમાં જલદી અસર કરનાર બને છે.

ચંદ્ર પણ જીવનદાતા ગ્રહ છે. કુંડલીમાં જયારે સૂર્ય-ચંદ્રની સ્થિતિ શુભ હોય અને મારકેશ સાથે સંબંધમાં હોય તો મોટા ભાગે આયુષ્યનું રક્ષણ થાય છે. તેમજ પ્રાણઘાતક અકસ્માત કે રોગથી બચવાની શકયતા રહે છે. 27-08-2025 થી 27-08 2030 સુધીની ભાગ્યમાં રહેલ ચંદ્રની મીઠા દશા ચાલે છે. સાથે અંતરદશા 27-06-2026 સુધીની ચંદ્રની છે. ચંદ્રની સ્થિતિ શુભ છે. પણ ચંદ્રની યુતિ ભાગ્યમાં મારકેશ શુક્ર સાથે છે. શુક્ર બારમાનો અને સાતમાનો માલિક છે. બારમું સ્થાન હોસ્પિટલ રોગની સારવાર વગેરેનું અને સાતમું મૃત્યુનું કે આયુષ્યનું છે. શુક્ર ચંદ્ર સાથે ગંડાત યુક્ત છે. **તા. 12-06-2026 સુધીની શુક્રની ચંદ્રમા પ્રતિ અંતરદશા છે. આ સમય થોડો ચિંતાજનક કહેવાય પણ ભાગ્ય બળવાન બને છે.** ઉપરાંત બારમે શનિની ઉચ્ચ દૃષ્ટિ છે. જે યોગ્ય સારવારના યોગ કરે છે. મુજતબાની કુંડલીમાં ગુરુ અને શુક્ર પ્રબળ મારકેશ છે. એ રીતે તા. 23-11-2025 થી તા. 03-01-2026 ગુરુની ચંદ્રમા પ્રતિ અંતરદશા હતી. આ સમય પણ ઘાતનો હતો અને તે પણ ભયંકર રીતે પસાર થઇ ગયો. 20-02-2026 થી તા. 04-04-2026નો અષ્ટમેશ આયુષ્યના કારક બુધનો હતો. બુધ મૃત્યુતુલ્ય પરિસ્થિતિ પેદા કરે પણ બચાવી લે છે અને 12-06-2026 મારકેશ શુક્રનો સમય છે પણ ચંદ્ર રક્ષક બને છે.

મોજતબા ખામેનેઈનો મંગળ આત્મકારક અને સૌથી બળવાન છે. તે હિંસા અને અહિંસાનું અધ્યયન કરાવીને ન્યાય માટે લડવાની તાકાત આપે છે

અનુસંધાન... પાના પહેલાનું

મનપામાં નીરસતા,...

(૫૯.૬૮%), મોરબી (૫૮.૭૫%)
● મનપા - ક્યા ઓછું મતદાન ગાંધીધામ (૩૯.૮૫%), પોરબંદર (૪૧.૬૭%), રાજકોટ (૪૫.૨૧%) ● પંચાયતોઃ તાલુકા પંચાયતોમાં ૬૧.૩૪% અને જિલ્લા પંચાયતોમાં ૬૦.૬૮% સાથે ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો.

તાપમાનનો પારો...

ગરમીમાં પણ લાંબી કતારો જોવા મળી હતી, જ્યારે પોશ વિસ્તારોમાં નીરસતા રહી હતી. ગરમીથી બચવા માટે ચૂંટણી પંચ અને સંસ્થાઓ દ્વારા છાશ અને ORSનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કેટલાક વિસ્તારોમાં...

મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ભારે ઉત્સાહ નોંધાયો. બીજી તરફ, ગરમી અને રવિવારની રજાના કારણે ઘણા વિસ્તારોમાં મતદાન મથકો સૂમસામ રહ્યા.

અનેક ગામોએ...

અને ડાંગના કેટલાક ગામોમાં પણ સુવિધાઓના અભાવે 'રોડ નહીં તો વોટ નહીં' ના બેનરો સાથે બહિષ્કાર જોવા મળ્યો હતો.

ગેરરીતિના આક્ષેપો...

તૈનાત કરવી પડી હતી.
અમરેલીઃ આંકડીયા બેઠક પર ભાજપ અને AAPના કાર્યકરો વચ્ચે બોગસ એજન્ટ મામલે 'ટપલીદાવ' અને બોલાચાલી થઈ હતી. **કેશોદઃ** EVMમાં ખામીને કારણે કોંગ્રેસના ઉમેદવાર અમીન મહિડાએ બટન ન દબાતું હોવાનો આક્ષેપ કરી ધરણા કર્યા હતા.

મતદાન દરમિયાન...

AAP ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનું હાર્ટ એટેકથી નિધન થયું. તો પાટણમાં ૬૫ વર્ષીય વૃદ્ધા કમળાબેન સોલંકીનું મતદાન કેન્દ્ર પર મોત થયું હતું. આ ઉપરાંત પેટલાદમાં બૂથ પર ફરજ બજાવતા પટાવાળા અમિત સોલંકીનું ચાલુ ફરજે અવસાન થયું હતું.

મહાનુભાવોનું મતદાન...

ઉમેદવારોને ડરાવવાનો આક્ષેપ કર્યો હતો.
અંજલીબેન રૂપાણીઃ પૂર્વ સીએમ વિજય રૂપાણીના નિધન બાદ પ્રથમ વખત એકલા મતદાન કરવા પહોંચેલા અંજલીબેન ભાવુક થયા હતા.

રશિયાથી આયાત...

આપવાનો ઇનકાર કરતા જણાવ્યું હતું કેઃ ક્રૂડ ઓઈલની આયાતની દેશવાર અને કંપનીવાર વિગતો વ્યાપારી અને ગુપ્ત પ્રકૃતિની છે અને RTI એક્ટ ૨૦૦૫ની કલમ 8(1) (d અને e) હેઠળ તેને જાહેર કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. જોકે, ક્રૂડ ઓઈલની આયાતનો કુલ જથ્થો અને તેની કિંમત (વર્તમાન અને ઐતિહાસિક બંને) PPACની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. પ્રથમ અપીલ સત્તાધિકારીએ પણ આ જવાબને માન્ય રાખ્યો હતો. તાજેતરમાં સુનાવણી દરમિયાન, અરજદારે દલીલ કરી હતી કે માહિતી આપવામાં આવી નથી અને તેમણે કહ્યું કે તેઓ ભારત આ ક્ષેત્રમાં કેવી રીતે કાર્ય કરી રહ્યું છે તે સમજવા માંગે છે. તેના વચગાળાના નિર્ણયમાં, કમિશને અવલોકન કર્યું કે વિનંતી કરેલ ડેટા જાહેર કરવાથી રાજ્યના વ્યૂહાત્મક અને આર્થિક હિત પર પ્રતિકૂળ અસર પડશે અને વિદેશી રાજ્યો સાથેના સંબંધોને પણ અસર થશે, વધુમાં ઉમેર્યું કે આ માહિતી ભૂરાજકીય સંબંધો સાથે જોડાયેલી છે. કમિશને RTI એક્ટની કલમ 8(1)(a) અને 8(1)(d) હેઠળ આ મુક્તિને માન્ય રાખી હતી અને કહ્યું હતું કે હવે આ બાબતે વધુ કોઈ રાહતની જરૂર નથી.

ઇરાનના વિદેશ...

હતા. તેઓ ઓમાનથી પરત આવ્યા છે, જ્યાં તેમણે સુલતાન હૈથમ બિન તારિક અલ-સૈદ સાથે હોર્મુઝની સ્ટ્રેટમાં સુરક્ષા અને ઈરાન-અમેરિકા સંઘર્ષને ખતમ કરવાના રાજદ્વારી પ્રયાસો પર ચર્ચા કરી હતી. 'ડોન' અખબારે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ઈરાની નેતા ઓમાનની એક દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા બાદ રાવલપિંડીના નૂર ખાન એરબેઝ પર પહોંચ્યા હતા. સત્તાવાર સમાચાર એજન્સી ઇરનાના અહેવાલ મુજબ, તેઓ ઇસ્લામાબાદમાં તેમના ટૂંકા રોકાણ દરમિયાન પાકિસ્તાનના વરિષ્ઠ અધિકારીઓને મળશે અને ત્યારબાદ મોસ્કો જવા રવાના થશે. બાદમાં આવેલા અહેવાલે જણાવ્યું હતું કે અરાઘચીએ પાક. લશ્કરી વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે વાતચીત કરી હતી. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સી IRNA એ જણાવ્યું હતું કે અરાઘચી વહેલી સાંજે આવી પહોંચ્યા હતા. પાકિસ્તાને સત્તાવાર રીતે અરાઘચીના આગમન વિશે કંઈ કહ્યું નથી, પરંતુ અગ્રણી 'જીઓ ન્યૂઝ' સહિતના ખાનગી મીડિયાએ અગાઉ રાજદ્વારી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે ઈરાનના વિદેશ મંત્રી મોસ્કો જતા પહેલા ટૂંકી મુલાકાતે પાકિસ્તાન આવશે. જીઓ ટીવીએ ઈરાની સમાચાર એજન્સી ISNA ને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, અરાઘચી યુદ્ધને સંપૂર્ણપણે સમાપ્ત કરવા માટે કોઈપણ સમજૂતીના માળખા પર ઈરાનનું વલણ અને મંતવ્યો જણાવશે.

ઇરાનીઓ હવે અમારી...

અમને ફોન કરી શકે છે, જો કે આ વાતચીત ક્યારે થશે તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી ન હતી. શનિવારે જ્યારે તેહરાનના ટોચના રાજદ્વારી પાકિસ્તાનથી રવાના થયા ત્યારે આ મંત્રણા નિષ્ફળ જતી જણાતી હતી, અને ત્યારબાદ તરત જ ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે દૂતોને ઈસ્લામાબાદ ન જવાની સૂચના આપી દીધી છે. નાટો (NATO) અંગે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું કે તેઓ આ સૈન્ય ગઠબંધનથી ખૂબ જ નિરાશ છે. ઈરાને જ્યારે હોર્મુઝની સામુદ્રધુની અસરકારક રીતે બંધ કરી દીધી ત્યારે સભ્ય દેશોએ ટ્રમ્પની મદદની હાકલને અવગણી હતી, જેના કારણે ટ્રમ્પે એવો સંકેત પણ આપ્યો હતો કે અમેરિકા આ ગઠબંધન છોડવા પર વિચાર કરી શકે છે. ટ્રમ્પે વધુમાં કહ્યું કે, અમે ઘણા વર્ષોથી તેમની સેવા કરી રહ્યા છીએ, ટ્રિલિયન ડોલર ખર્ચ્યા છે, અને જ્યારે અમને મદદની જરૂર હતી ત્યારે તેઓ ત્યાં નહોતા, તેથી આપણે આ બાબત યાદ રાખવી પડશે.

અમેરિકા-ઇરાન...

જવાબમાં અમેરિકી દળોએ ઈરાની બંદરોની નાકેબંધી શરૂ કરી દીધી છે. પાકિસ્તાની અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી શનિવારે સાંજે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદથી ઓમાન જવા રવાના થયા હતા. ઓમાન એવું રાષ્ટ્ર છે જેણે ભૂતકાળમાં શાંતિ મંત્રણામાં મધ્યસ્થી કરી છે. ઈરાનની સરકાર સંચાલિત ન્યૂઝ એજન્સી IRNAના અહેવાલ મુજબ, અરાઘચીએ જણાવ્યું હતું કે તેઓ રશિયા જતાં પહેલા રવિવારે ફરી પાકિસ્તાન પરત ફરશે. અરાઘચીએ સોશિયલ મીડિયા પર પોતાની પાકિસ્તાન મુલાકાત અંગે લખ્યું, ઈરાન પરના યુદ્ધને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટેના વ્યવહારુ માળખા અંગે ઈરાનનું વલણ સ્પષ્ટ કર્યું છે. અમેરિકા મુત્સદ્દીગીરી બાબતે ખરેખર ગંભીર છે કે નહીં તે જોવાનું બાકી છે.ગયા અઠવાડિયે ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામને અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત કરી હતી. જોકે લડાઈ મોટે ભાગે અટકી ગઈ છે, પરંતુ બે મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધને કારણે આર્થિક નુકસાન વધી રહ્યું છે, કારણ કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ના માર્ગો લગભગ બંધ હોવાને કારણે તેલ, લિક્વિફાઈડ નેચરલ ગેસ, ખાતર અને અન્ય પુરવઠાના વૈશ્વિક પરિવહનમાં અવરોધ ઉભો થયો છે. બંને પક્ષો સતત લશ્કરી ધમકીઓ આપી રહ્યા છે. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે શનિવારે ચેતવણી આપી હતી કે જો અમેરિકા તેની નૌકા સૈન્ય નાકેબંધી અને ચાંચિયાગીરી જેવી આક્રમક સૈન્ય કાર્યવાહી ચાલુ રાખશે, તો તેણે સખત પ્રતિસાદનો સામનો કરવો પડશે. શનિવારની ઘટનાઓ પહેલા જ ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે કોઈપણ વાતચીત પરોક્ષ હશે અને પાકિસ્તાની અધિકારીઓ તેમાં મધ્યસ્થી તરીકે કામ કરશે.બાદમાં ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમના દૂતો – સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરનો પાકિસ્તાન પ્રવાસ રદ કર્યાની ૧૦ મિનિટમાં જ ઈરાને વધુ સારો પ્રસ્તાવ મોકલ્યો હતો. તેમણે આ અંગે વધુ વિગતો આપી ન હતી પરંતુ ભારપૂર્વક કહ્યું હતું કે તેમની એક શરત એ છે કે ઈરાન પાસે ક્યારેય પરમાણુ હથિયાર નહીં હોય.

સખત ગરમીનો...

ગીગાવોટની નવી ઊંચાઈએ પહોંચી હતી અને તે માંગને સંપૂર્ણપણે પહોંચી વળવામાં આવ્યું હતું. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, જેમ જેમ પારો વધી રહ્યો છે તેમ તેમ વીજળીની માંગ આ ઉનાળાની સીઝન માટે વીજ મંત્રાલયના ૨૭૦ ગીગાવોટના અંદાજ તરફ આગળ વધી રહી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, કેટલાક પ્રદેશોમાં તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું છે, જે દેશના વિવિધ ભાગોમાં હીટ સ્ટ્રેસની વિકસતી સ્થિતિ સૂચવે છે. એપ્રિલ મહિનામાં તાપમાનની સાથે દેશમાં વીજળીની માંગમાં પણ વધારો થયો છે. ૨૨ એપ્રિલે વીજળીનો સર્વોચ્ચ પુરવઠો ૨૩૯.૭૦ ગીગાવોટ હતો જે ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વધીને ૨૪૦.૧૨ ગીગાવોટ થયો હતો. આ મહિનાના પ્રથમ પખવાડિયામાં, વીજળીની મહત્તમ માંગ એપ્રિલ ૨૦૨૫માં નોંધાયેલા ૨૩૫.૩૨ ગીગાવોટ કરતા ઓછી રહી હતી. નિષ્ણાતોનું માનવું છે કે તીવ્ર હીટવેવને કારણે વીજળીની માંગ અને વપરાશમાં હજુ પણ વધારો થઈ શકે છે, કારણ કે વધતા તાપમાનથી બચવા માટે ઘરેલુ અને વ્યાપારી ગ્રાહકો દ્વારા એર કંડિશનર, એર કુલર અને અન્ય ઉપકરણોનો વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હવામાન વિભાગે આ વર્ષે આકરા ઉનાળાની આગાહી કરી છે. ગયા ઉનાળામાં, જૂન ૨૦૨૫માં વીજળીની મહત્તમ માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ નોંધાઈ હતી, જે સરકારના ૨૭૭ ગીગાવોટના અંદાજ કરતા ઓછી રહી હતી. મે ૨૦૨૪માં, વીજળીની મહત્તમ માંગ ૨૫૦ ગીગાવોટ હતી, જે તે સમયે એક રેકોર્ડ હતો અને સપ્ટેમ્બર ૨૦૨૩માં સ્થાપિત ૨૪૩.૨૭ ગીગાવોટના અગાઉના ઓલ-ટાઇમ પીકને વટાવી ગયો હતો.

મોટા કામ...

જોખમી વ્યવસાયમાં છે પરંતુ તેઓ કોઈ નબળા માણસ નથી. ટ્રમ્પે કહ્યું, હું તેના વિશે વિચારવાનું પસંદ નથી કરતો. હું એકદમ સામાન્ય જીવન જીવું છું, જોકે આ જોખમી જીવન છે. મને લાગે છે કે હું તેને જેટલી સારી રીતે હેન્ડલ કરી શકાય તેટલી સારી રીતે કરી રહ્યો છું. તેમણે ઉમેર્યું કે, તે રૂમમાં રિપબ્લિકન, ડેમોક્રેટ્સ, અપક્ષો, રૂઢિચુસ્તો અને ઉદારવાદીઓ... દરેક જણ હતા, એક વિશાળ અને રેકોર્ડબ્રેક ભીડ હતી..

હુમલાખોર ટ્રમ્પ અને...

રવિવારે જણાવ્યું હતું. બ્લેન્ચે એમ પણ જણાવ્યું હતું કે અધિકારીઓનું માનવું છે કે શંકાસ્પદ વ્યક્તિએ કેલિફોર્નિયાથી શિકાગો અને ત્યાંથી વોશિંગ્ટન સુધી ટ્રેન દ્વારા મુસાફરી કરી હતી, જ્યાં તાજેતરના દિવસોમાં તેણે એ જ હોટલમાં ગેસ્ટ તરીકે ચેક-ઇન કર્યું હતું જ્યાં શનિવારે રાત્રે વોશિંગ્ટનની સૌથી ભવ્ય ઇવેન્ટ્સમાંની એક યોજાઈ રહી હતી. બંદૂકધારીના ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને તેના લખાણોની પ્રાથમિક તપાસ કરનારા કાયદા અમલીકરણ અધિકારીઓ માને છે કે તેનો ઈરાદો ડિનરમાં હાજર વહીવટીતંત્રના સભ્યોને નિશાન બનાવવાનો હતો.

વ્હાઇટ હાઉસના...

હતા. કેલિફોર્નિયાના ૩૧ વર્ષીય શંકાસ્પદની ઓળખ કોલ ટોમસ એલન તરીકે થઈ છે, જેની ધરપકડ કરવામાં આવી છે. રાત્રિભોજનમાં હાજર રહેલા અનેક મહેમાનો, જેમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ, પત્રકારો અને અન્ય આમંત્રિતોનો સમાવેશ થાય છે, તેઓ ગોળીબારના અવાજ પછી બચવા માટે ટેબલ નીચે છુપાઈ ગયા હતા. હિંમત બતાવતા પ્રમુખ ટ્રમ્પે પાછળથી 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી હતી કે આ ડિનર આગામી ૩૦ દિવસમાં ફરીથી યોજવામાં આવશે. ડિનરમાં હાજર રહેલા સી-સ્પેન(C-SPAN)ના એક પત્રકારે જણાવ્યું હતું કે, મને માત્ર 'બૂમ, બૂમ, બૂમ' જેવો અવાજ સંભળાયો અને ઘણા મહેમાનો ટેબલ નીચે સંતાઇ ગયા હતા. ઘટનાના કલાકો પછી, ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી અને જાહેરાત કરી કે સુરક્ષા કર્મચારીઓએ કેલિફોર્નિયાની એક વ્યક્તિની ધરપકડ કરી છે. ટ્રમ્પે પત્રકારોને ઘટના વિશે જણાવતા કહ્યું કે, મેં એક અવાજ સાંભળ્યો અને મને લાગ્યું કે કદાચ કોઈ થાળી નીચે પડી હશે. મેં આવું ઘણી વાર સાંભળ્યું છે. તે ખૂબ મોટો અવાજ હતો અને તે થોડે દૂરથી આવ્યો હતો. હુમલાખોર આ વિસ્તાર સુધી પહોંચી શક્યો નહોતો. સુરક્ષાકર્મીઓએ તેને ઝડપી લીધો હતો. ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે એક સુરક્ષા અધિકારીને ગોળી વાગી હતી પરંતુ બુલેટપ્રૂફ જેકેટ પહેરેલું હોવાથી તેમનો બચાવ થયો હતો.

મોજે ગામ ઓલપાડનાં બ્લોક નં. ૭૫૦ વાળી જમીનના ટાઈટલ કલીયરન્સ પ્રમાણપત્ર અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ ઓલપાડના રે.સ.નં. ૫૫૪/૨, બ્લોક નં. ૭૫૦ થી નોંધાયેલી સુમારે હેકટર ૦–૨૪ આરે–૨૮ ચો.મી. ક્ષેત્રફળ, આકાર રૂા. ૨–૫૬ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તેના માલીક : ધર્મિન રમેશ દલાલ રહે. બી–૩૨, ગોવર્ધન સોસાયટી, વેસુ, સુરતનાની કુલ સંપુર્ણ, અને સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલાનું જણાવી, અમારા કનેથી સદરહું જમીન અંગે ટાઈટલ કલીયરન્સ પ્રમાણપત્ર અંગેની માંગણી કરેલ છે. સબબ સદરહું જમીન યા તે પૈકીના કોઈ ભાગમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત, સંબંધ હીત અધિકાર, દર–દાવા યા ખોરાકી પોષાકી અંગેના કોઈ હકક, લાગભાગ કે અધિકાર હોય તા તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન–૭ માં લેખીત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવું. જો તેમ કરવામાં ચુક યા કસુર થશે તો, સદરહું જમીન યા તે પૈકીના કોઈ ભાગમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત, સંબંધ, હીત અધિકાર, દર–દાવા યા ખોરાકી પોષાકી અંગેના કોઈ હકક, લાગભાગ કે અધિકાર વિગેરે નથી તેમ માની લઈ સદરહું જમીનને લગતા ટાઈટલ કલીયરન્સ પ્રમાણપત્ર આપીશું અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં, જેની સ્પષ્ટ નોંધ લેવી....

અમારી સુચના અને ફરમાયશથી સહી/– D.R.Dalal

ઠે.: એફ–૧, લુપ્રિત આર્કેડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત. મો.નં. ૯૯૦૯૦ ૦૯૧૦૦

મારી મારફત
રઈશ એ. શેખ
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તા. હાંસોટ, મોજે/ગામ–સુણેવખુર્દ ના જુનો બ્લોક/સરવે નં. ૯૩૯, જેનો નવો બ્લોક/સર્વે નં. ૧૦૨૭ વાળી જુની શરત ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.–૦૦–આરે–૩૭–ચો.મી.–૦૧ યાને ૩૭૦૧ ચો.મી. કે જેનો આકાર રૂા. ૩.૪૫ પૈસા છે. તે ખેતીની જમીન ગીતાબેન દુર્લભભાઈ પટેલ, પદમાબેન દુર્લભભાઈ પટેલ, નયનાબેન દુર્લભભાઈ પટેલ, જલ્પાબેન મહેશભાઈ પટેલ નાઓની સંયુકત માલિકી, કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ મારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપી અવેજ સ્વીકારી જરૂરી લખાણો કરી આપેલ છે અને જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી છે અને ટુંક સમયમાં દસ્તાવેજ કરાવી લેનાર છે. પરંતુ ભવિષ્યમાં કોઈ કાયદાકીય તકરારને અવકાશ ન રહે તે માટે આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે સદરહું જમીનમાં જો કોઈ શખ્સ, પેઢી, સંસ્થા, વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો, બોજો, લાગ–ભાગ કબજો વિગેરે હોય કે કોઈ સાટાખત, લખાણો થયેલ હોય કે કોઈનો ખોરાકી, પોષાકીનો હકક રહેલ હોય યા અન્ય કોઈ તર–તકરાર હોય તો તે અંગેના પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં હમોને લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાત્રી કરાવી જવી ત્યારબાદ મુદત વિત્યેથી સદર જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ સદરહું જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે દરદાવો ચાલશે નહીં. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.
હમારી જાણ અને સંમતિથી આ જાહેર નોટીસ આપી સહી/–

ચિરાગ એમ. પટેલ (એડવોકેટ) મો. ૯૯૨૪૯ ૧૯૫૫૫ — **જીગ્નેશ ટી. પટેલ** (એડવોકેટ) મો. ૯૯૧૩૩ ૬૦૭૨૭
ઓફીસ / રહે. ૪૭૧/એ, નીચલી વાડી, નાનીવેડ, વેડ રોડ, સુરત–૩૯૫૦૦૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસ લખી આપી જણાવવાનું કે સુરત જીલ્લાના, માંગરોળ તાલુકાના **મોજે ગામ : કોસંબા** ના (૧) **''બ્લોક નં.૬૩૮''** થી નોંધાયેલ જમીન. જેનું સુમારે ક્ષેત્રફળ ૧૪૫૦૮ ચો.મી. થાય છે. જેનો આકાર રૂા.૧૩.૦૦ પૈસા તથા **(૨) ''બ્લોક નં.૬૭૪''** થી નોંધાયેલ જમીન. જેનું સુમારે ક્ષેત્રફળ ૧૬૪૧૦ ચો.મી. થાય છે. જેનો આકાર રૂા.૧૩.૩૧ પૈસા તથા જે બંનેનો ખાતા નં.૧૪૨ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલિક **(૧) ફૈઝલ મહંમદ ઉઘરાતદાર, (૨) સિરાજ મહંમદ ઉઘરાતદાર** ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહું જમીન કોઈપણ પ્રકારના દાવાઓ, બોજા વગર તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલથી સદર મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીન / મિલકતના માલિક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક હિસ્સો, દર–દાવો કે કબજાના, સાટાખતના યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તેમના હકક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચેના સરનામે ઓફીસના સમયે રૂબરૂ યા લેખીતમાં જાણ કરવી, નોટીસની મુદત દરમ્યાન કોઈ વાંધા, વિરોધ યા તકરાર નહી આવે તો કોઈના હકક, દાવા, હિત હશે તો તે જતા કરેલ છે, તેમ માનીને અમારા અસીલ ઉપરોકત ખેતીની જમીનના માલિક પાસેથી કાયદેસરના લખાણો કરાવી લેશે. જેથી પાછળથી કોઈપણ વ્યકિતનો વાંધો યા વિરોધ, તર–તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસ : ૨૦૬, ''વી–પ્લાઝા'' ગજેરા સ્કુલ પાસે, કતારગામ, સુરત. મો. ૯૬૮૭૫ ૧૪૪૭૭

મુકેશ એન. નાડોદા
તે ખરીદનારના એડવોકેટ

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, મોજે રૂંઢના રે.સર્વે નં.૫૭/૧ તથા ૫૮/૧ પૈકીની રીવીઝન બાદ નવા રે.સ.નં. ૧૪/૧/બ તથા ૧૪/૨/બ પૈકીની, ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) ના ઓરીજીનલ પ્લોટ નં. ૨/૨ પૈકી ના ફાયનલ પ્લોટ નં. ૩ થી નોંધાયેલી જમીન જેનુ કુલ ક્ષેત્રફળ ૬૬૪૧.૦૦ ચો.મી. પૈકી સબ પ્લોટ નં. ૧ થી નોંધાયેલી ૪૪૫૬.૮૭ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીનમાં આયોજીત "ઋષિવિહાર" નામથી ઓળખાતી વસાહતમાં પાડવામાં આવેલ જુદાજુદા પ્લોટો ઉપર બાંધવામાં આવેલ જુદાજુદા બંગલાઓ પૈકી બંગલા નં. ૧૫ થી નોંધાયેલ બાંધકામ સહીતની મીલકત. જેનુ પ્લોટનુ ક્ષેત્રફળ ૧૪૯.૯૭ ચો.મી. છે તથા બાંધકામનું ક્ષેત્રફળ સુપર બીલ્ટઅપ ૩૨૫૦ ચો. ફુટ યાને ૩૦૧.૯૩ ચો.મી. થી નોંધાયેલી મિલકતના માલીક મુખત્યાર તથા કબજેદાર કિશોરચંદ્ર ઈશ્વરલાલ દેસાઈ ચાલી આવેલ હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. માટે ઉપરોકત મિલ્કતમાં જો કોઈપણ ઈસમનો યા સંસ્થાનો કે બેંકનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, ચાર્જ, બોજો યા લીયન ઉભેલા હોય તો તેવી વ્યકિતઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિતના વાંધાઓ મારા સરનામે રજુ કરવા. જો મુદતમાં કોઈપણ ઈસમના કોઈપણ જાતના વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ હમારા અસીલ ઉપરોકત જમીન ખરીદવાની કાયદેસરની તમામ કાર્યવાહીઓ સંપુર્ણ કરશે અને પાકા વેચાણ દસ્તાવેજો કરી–કરાવી લેશે પાછળથી હરકોઈની કોઈપણ જાતનાં વાંધા તેમજ તરતકરારો રદબાતલ ગણાશે તેની નોંધ લેવી.

સરનામું :– ૫–૬, સિદ્ધિ સમર્થ પાર્ક, અડાજણ વીલેજ કોસ રોડ, અડાજણ મેઈન રોડ, સુરત.

કશ્યપ કે. બનાતવાળા
તે ખરીદનારના એડવોકેટ

ડિસ્ટ્રીક્ટ નવસારી, સબ-ડિસ્ટ્રીક્ટ નવસારી, મોજે ગામ : કાળાકાછા (બિનખેતી) સીટીસર્વે નં. NA૬૨૩ (જુનો સર્વે નંબર/બ્લોક નં.૧૮૧) વાળી બિનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ નવસારી, સબ-ડિસ્ટ્રીક્ટ નવસારી, મોજે ગામ : કાળાકાછા (બિનખેતી) સીટી સરવે નં. NA૬૨૩, જુનો સર્વે નંબર/બ્લોક નં ૧૮૧ જેનુ કુલ ક્ષેત્રફળ ૧૧૦૬૦ ચો.મી છે જે પૈકી ઉત્તરદિશા તરફની ૫૦૫૯.૩૮ ચો.મી વાળી બિનખેતીની જમીન **રવિકુમાર જીતેન્દ્રકુમાર તેજુરા** નાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની સાલી આવેલી છે. સદર જમીનના માલિકનું નામ રેવન્યુ રેકર્ડમાં માલીક, કબજેદાર તરીકે ચાલી આવેલ છે, જે જમીનના ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમાર અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે.આથી સદરહું જમીન પરત્વે કોઇપણ વ્યકિત, વંશ વાલી, વારસદારો, બેંક કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજો, ગીરો, વેચાણ હકક, માલીકી હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, દાવો ફરીયાદ કે ઇઝમેન્ટ હકક, વપરાશી હકક હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭માં** હમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહું જમીનોમાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ નથી યાને રાજીખુશીથી છોડી દીધો છે તેમ માની સદરહું મિલકતનો હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમારા અસીલના નામે કરી કારાવી લેવામાં આવશે. ત્યારબાદ ભવિષ્યમાં તે અંગેની કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, દાવા-દુવી, ફરીયાદ અને વાંધો ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૨૭/૦૪/૨૦૨૬
ઓફીસ : ૩૦૫-૩૦૬, ટાઇમ્સ કવેર, જી.ડી. ગોયેન્કા સ્કુલ સામે, કેનાલ રોડ, વેસુ, સુરત. મો.નં. ૯૩૨૮૫ ૮૭૦૦૦

અમી બી. વખારીયા
(એડવોકેટ એન્ડ નોટરી)
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (મજુરા) સબ-ડીસ્ટ્રીકટના મોજે અલથાણના રે.સર્વે નં. ૭૩પૈકી, બ્લોક નં. ૯૧, ટી.પી.સ્કીમ નં. ૩૬(અલથાણ)ના ફાયનલ પ્લોટ નં. ૬/એ,૬/બી વાળી બીનખેતીની જમીન, જે ચંદ્રમણી સોસાયટી ના નામથી ઓળખાય છે તે બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા આવાસો પૈકી એ-ટાઇપના આવાસ નં. ૨૦ થી નોંધાયેલી જમીન-અમલાવાળી મીલકત, જેનું ક્ષેત્રફળ ૭૮.૦૩ સ.ચો.મી. તથા તેને લાગુ માર્જીનની ૧૧૬.૧૧ સ.ચો.મી. જગ્યા સહિત કુલ્લે ૧૯૪.૧૪ સ.ચો.મી. છે તે જમીન અમલાવાળી મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની તથા સોસાયટીના શેર સર્ટીફીકેટ નં.૩૩૯, શેર નંગ-૫, શેર નં.૧૮૧ થી ૧૮૫ સહિતની મીલકત (૧) ઓમપ્રકાશ માલચંદ અગ્રવાલ અને (૨) આનંદ માલચંદ અગ્રવાલ નાએ પોતાની સ્વતંત્ર અને સંયુકત માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી, સદરહુ મીલકતના વેચાણ અંગે કોઇપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઇપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ મીલકતમાં કોઇપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા, પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઇ ઢીલ કે કસુર થશે તો સદરહુ મીલકત અંગે કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઇઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ મીલકતનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, શહેર સુરતના મોજે : વેસુમાં આવેલ જુના રે.સર્વે નં. ૨૬૧ ના નવા સર્વે નં.૧૬૯ થી નોંધાયેલી જમીન કે જેનુ કુલ ક્ષેત્રફળ ૫૩૪૦૦.૦૦ ચો.મી. છે. તે જમીનના મુળ માલિક નાથુભાઈ નરસિંહભાઈ ચાલી આવેલ હતા અને તેઓ બીનવસીયત મૃત્યુ પામ્યા હતા અને તેમના વારસદારોમાં ત્રણ પુત્રો અને એક પુત્રી છે અને તેઓ પૈકી એક પુત્ર વલ્લભભાઈ નાથુભાઈના વારસદાર તરીકે હમો હરીશભાઈ વલ્લભભાઈ પટેલ ચાલી આવેલ છે. સદરહુ જમીન તેમજ અન્ય જમીનોમાંથી હમારા પહોંચતા હકક હિસ્સાની જમીનો મેળવવા તથા અન્ય દાદો મેળવવા હમોએ સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૨૦૩ સને ૨૦૧૮ નો દાવો દાખલ કરેલ છે અને તે દાવો પેન્ડીંગ છે. જેથી સદરહુ જમીન સબજયુડીશ મેટર છે. માટે સદરહુ જમીન હમોની સહી, સંમતિ સિવાય અન્ય કોઈપણ ઈસમો પાસેથી કોઈપણ વ્યકિતએ ખરીદ કરવી નહી કે અન્ય કોઈપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહી. આ જાહેર ચેતવણી છતા જો કોઈપણ પ્રકારના વ્યવહારો કોઈપણ ઈસમ કરશે તો તેઓને તકરારો સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને નાહકનું કોર્ટ પ્રકરણોમાં સંડોવાવુ પડશે તેમજ કોઈપણ ઈસમ કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે તો તે હમોને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે નહી. જેની તમામે નોંધ લેવી.

તા.૨૭/૦૪/૨૦૨૬
ઠે. ૫–૬, 'સિધ્ધી' સમર્થ પાર્ક, અડાજણ ચાર રસ્તા, અડાજણ રોડ, સુરત.

મારી મારફત,
ફેનીલ એ. મહેતા
એડવોકેટ

પાવર રદ અંગેની જાહેર નોટીસ

અબ્દુલબાસીત અહમદ બુલબુલીયા, રહેવાસી : 1114TH AVENUE LINDEN, JOHANNESBURG SOUTH AFRICA, CO.NO. #0824104777 ID NO. # 610531 5168 08 9 ના આ જાહેર નોટીસથી સ્પેશીયલ પાવર ઓફ એટર્ની રદ કરી જણાવવાનું કે,

હમારા સંયુકત નામે મોજે – ભાણોદ્રા, તા.ચોર્યાસી, જી.સુરત તથા મોજે – પોંસરા, તા.જલાલપોર, જી.નવસારી તથા મોજે – લાજપોર, તા.ચોર્યાસી, જી.સુરત મુકામે મિલકતો ચાલી આવેલી, તે પૈકી લાજપોર મુકામે નનલો મહોલ્લામાં આવેલ ઘર નં. ૮૨, ૧૧૦ તથા કોલા મહોલ્લામાં આવેલ ઘર નં. ૮૨ તથા ઉતારા મહોલ્લામાં આવેલ ઘર નં. ૨૩૦ તથા લાજપોર, તા.ચોર્યાસી, જી.સુરત મુકામે આવેલ બ્લોક નં. નવા–૪૬૩, ૮૬૦, ૮૬૮, ૯૭૦, ૯૮૦, ૯૮૪, ૯૮૬, જેના અનુક્રમે જુના નં. ૪૨૪/૨, ૨૮/૨, ૭૧૮/૪, ૭૭૭/૨, ૯૮૦/૧, ૧૦૦૧, ૭૭૯/૧ તથા પોંસરા મુકામે આવેલ નવા બ્લોક નં. ૧૧૩, ૪૮૦ તથા ૪૮૧, જેના જુના નં.૨૭૯ (જુના–૩૯૦, ૩૯૧) ૨૭૮ (જુના–૩૯૪) તથા પોંસરા મુકામે આવેલ સીટી સર્વે નં.એન.એ.૧૧૪, બ્લોક નં.૧૦૨ વાળી જમીન સબંધે હેમરાજસિંહ ચંદ્રસિંહ વાંસીયા નાઓને આપેલ સ્પેશીયલ પાવર ઓફ એટર્ની તા.૦૪–૦૨–૨૦૨૬ ના રોજ નોટરી પબ્લિક શ્રી નરેન્દ્ર એન. સુરતીના રજીસ્ટર દફતરે અનુક્રમ નં.૧૭૮/૨૦૨૬ થી નોંધાયેલ છે અને હમારા પાવર ઓફ એટર્ની હોલ્ડર હમારા કૌટુંબિક મિત્ર થતા હોય, સ્પેશીયલ પાવર ઓફ એટર્ની આપવામાં આવેલો પરંતુ હમોએ જે હેતુ માટે પાવર આપેલો તે હેતુ માટે તેઓ કોઈ કામગીરી કરતા આવેલા ન હતા કે નથી અને તેઓ હમારી સુચના મુજબ કામગીરી કરતા ન હતા કે નથી અને જેથી હમોએ હેમરાજસિંહ ચંદ્રસિંહ વાંસીયા, રહેવાસી : ૩૭, મોતા ફળિયુ, સચિન ગામ, સચિન, સુરત નાઓને આપેલ સ્પેશીયલ પાવર ઓફ એટર્ની આ જાહેર નોટીસથી આથી રદબાતલ કરીએ છીએ અને હમોએ તેઓને હમારા પાવરદાર તરીકે છુટા કરેલા છે અને તેઓને આપેલ તમામ સત્તા આથી પરત ખેંચી લીધેલ છે અને હમારા પાવરદારે હવે હમારા તર્ફે અને વતી હમારા કુલમુખત્યારનામા આધારે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી–કરાવવી નહીં કે તેઓ સાથે અન્ય કોઈએ પણ કોઈપણ પ્રકારના વ્યવહારો કાર્યો કે કાર્યવાહી કરવા–કરાવવા નહીં, અને તેઓને પાવરમાં આપવામાં આવેલ તમામ સત્તા પરત ખેંચી લીધેલ છે અને જેથી તેઓને હમોએ આપેલ સ્પેશીયલ પાવર ઓફ એટર્ની તા.૦૪–૦૨–૨૦૨૬ ના રોજ નોટરી રજીસ્ટર દફતરે નોંધાયેલ સીરીયલ નં. ૧૭૮/૨૦૨૬ નો આથી રદબાતલ કર્યો છે. અને તેઓ સાથે કોઈએ કોઈપણ પ્રકારના વ્યવહારો જેવા કે વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો કરવા–કરાવવા નહીં અને તેમ છતાં તેઓ સાથે કોઈપણ ઈસમ, વ્યકિત કે સંસ્થા કોઈપણ પ્રકારના વ્યવહાર કરશે–કરાવશે તો તે અંગેના વ્યવહારો હમોને બંધનકર્તા રહેશે નહીં. અને તેઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહીં. જેથી હાલની આ નોટીસ સ્પેશીયલ પાવર ઓફ એટર્ની રદબાતલ કરેલ હોય, પ્રસિધ્ધ કરેલ છે. મારી સુચના અને ફરમાઈશથી

તારીખ : ૨૭/૦૪/૨૦૨૬ અબ્દુલબાસીત અહમદ બુલબુલીયા.........

હમારી મારફતે,
જયેશ એસ નાયક, ધ્રુવ જે. નાયક (એડવોકેટસ)
ઓફીસ : ૪,વાજપેય શોપીંગ સેન્ટર, પારસી હોસ્પીટલ સામે, લુન્સીકુઈ, નવસારી મો. ૯૮૭૯૪૮૭૮૨૪, ૮૦૦૦૦૪૪૨૨૪